**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**નવમું સત્ર**
**બુધવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ્" રાષ્ટ્રીયગીત વગાડી કરવામાં આવી.)

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૯મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૯ અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૨ થી ૧૬૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૮ કલાકે પૂરો થયો.

**૨. માન.અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પોર્ટેબલ મોબાઇલ હોસ્પિટલ પ્રોજેક્ટ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમના આયોજનના નિમંત્રણ અંગે**

પ્રાકૃતિક તથા માનવસર્જિત આપદાઓમાં સર્જાતી કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે અદ્યતન પોર્ટેબલ મોબાઇલ ઇમરજન્સી હોસ્પિટલ પ્રોજેક્ટ BHISHM-R CUBE 300નું પ્રદર્શન વિધાનસભાના પ્રથમ માળે આવેલ પોડિયમ ખાતે આજની બેઠકનું કામકાજ પૂર્ણ થયે રાખવામાં આવેલ હોવાનું તેમજ તે કાર્યક્રમ પૂરો થયા બાદ તરત જ વિધાનસભાની સામે મહાત્મા ગાંધીજીની પ્રતિમાની સામેના ભાગે વિધાનસભાના તમામ ધારાસભ્યશ્રીઓના હસ્તે ‘‘એક પેડ માઁ કે નામ ૩.૦ ’’ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરેલ હોવાથી મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, તમામ મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૩. કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો

**૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૫. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી સ્વ.શ્રી યોગેશભાઇ નારણભાઇ પટેલ, ગુજરાતના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મોહનસિંહ છોટુભાઇ રાઠવા, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી લલિતકુમાર ભગવાનદાસ પટેલ તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ.શ્રી પોપટલાલ વિઠ્ઠલભાઇ પટેલ અને સ્વ.શ્રી સુનિલભાઇ રતનજીભાઇ ગામીત તથા તાજેતરમાં નેપાળ પૂર હોનારતમાં અવસાન પામનાર લોકો તથા ગુજરાતના યાત્રિકોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી શૈલેષ પરમાર તથા શ્રી કેયુર રોકડીયાએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ગૃહમાં પોતાના સ્થાન પર ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૬. બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી સ્વ.યોગેશભાઇ નારણભાઇ પટેલના માનમાં પરંપરા મુજબ સભાગૃહની બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવાનો પ્રસ્તાવ રજૂ કરતાં કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે તેને સમર્થન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્દનુસાર સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, ગુરુવાર તા. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧.૪૯ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા

ક્રમાંક–૨

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**નવમું સત્ર**
**ગુરુવાર, તા. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

ગુરૂવાર, તા ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૨ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ– ૧૨થી ૧૨૨ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**
''**સામાજિક સમરસતા સંકલ્પ અભિયાન અંગે**''

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં આ વર્ષે સંત શિરોમણિ ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતીને સામાજિક એકતા અને સમરસતાના ઐતિહાસિક મહોત્સવ તરીકે ઉજવવા અંગેનું નિવેદન વાંચીને રજૂ કર્યું.

૩. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા દ્વારા '' વંદે માતરમ્ '' રાષ્ટ્રીય ગીતના કરવામાં આવેલ અપમાન અંગે

તા. ૯–૯–૨૦૨૬ના રોજ વિધાનસભા સત્રના પહેલા દિવસે ''વંદે માતરમ્'' રાષ્ટ્રીય ગીતના ગાન દરમિયાન રાષ્ટ્રીય ગીતના બે અંતરા પૂર્ણ થયા બાદ પોતાની બેઠક પર જાણીજોઇને બેસી જઇને વિધાનસભાગૃહના નિયમો, સંસદીય પ્રણાલીઓ, કાયદાકીય જોગવાઇઓ, ગૃહની ગરિમા તેમજ રાષ્ટ્રહિતના સંદર્ભમાં આ બાબતને ગંભીરતાપૂર્વક લઇ ગૃહના નિયમો અનુસાર શિસ્તભંગની કાર્યવાહી કરવાના સંદર્ભમાં વિશેષાધિકાર સમિતિ કે એથિકસ સમિતિને સદરહુ બાબત સોંપવાની માગણી સાથેનો નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દે માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, સભ્યશ્રી અમિત ચાવડા, સભ્યશ્રી જગદીશ વિશ્વકર્મા, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રી જિજ્ઞેશ મેવાણી, સભ્યશ્રી શૈલેષ પરમાર તથા કૃષિ અને સહકાર મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

નાયબ મુખ્યમંત્રીશ્રીના પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો સ્વીકાર કરીને માનનીય અધ્યક્ષશ્રીએ રાષ્ટ્રીય પ્રતીકોના અપમાનને ગંભીર બાબત ગણાવી ભવિષ્યમાં આવી કોઇ ઘટના ન બને તે માટે વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ તેઓશ્રી પોતાનો નિર્ણય આપશે તેમ જણાવ્યું.

૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના દર્શાવેલ કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૬નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૬નો ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૨) સન ૨૦૨૬નો વટહુકમ ક્રમાંક–૨–સન ૨૦૨૬નો ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૩) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી**

(૪) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ**

(૫) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૬) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૭) ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૮) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૯) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૧૭–૧૮થી ૨૦૧૯–૨૦ સુધીના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

(૧) સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ
(૨) સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ
(૩) સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ

**માનનીય શ્રમ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૧૦) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સન ૨૦૧૮–૧૯થી ૨૦૨૦–૨૧ સુધીના ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

(૧) સન ૨૦૧૮–૧૯નો ઓડિટ અહેવાલ
(૨) સન ૨૦૧૯–૨૦નો ઓડિટ અહેવાલ
(૩) સન ૨૦૨૦–૨૧નો ઓડિટ અહેવાલ

**માનનીય રાજ્ય કક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી પ્રવિણભાઇ માળી**

(૧૧) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૮–૧૯નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી**

(૧૨) ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ અને સન ૨૦૨૩–૨૪ના વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

(૧) સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ
(૨) સન ૨૦૨૩–૨૪ના વાર્ષિક હિસાબો

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી**

(૧૩) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઇલેક્ટ્રીકલ પાવર એન્ડ કો-ઓર્ડીનેશન એક્ટીવીટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૧૪/૦૮/૨૦૨૬નું જાહેરનામા ક્રમાંક- ઘઇ/૨૦૨૬-૩૯/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક (પાર્ટ-૨)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

(૧૪) વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગનાં

(૧) સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૧૫/૦૪/૨૦૨૬નું જાહેરનામા ક્રમાંક : જીએચ/વીએસ/૮૭ /૨૦૨૬/૩૩/એ

(૨) સન ૧૯૭૯ના ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૧૫/૦૪/૨૦૨૬નું જાહેરનામા ક્રમાંક : જીએચ/વીએસ/ ૮૬/૨૦૨૬/૩૩/એ

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

(૧૫) સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેનાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં

(૧) તા.૩૦/૦૩/૨૦૨૬નું જાહેરનામા ક્રમાંકઃ૦૨/૨૦૨૬

(૨) તા.૩૦/૦૬/૨૦૨૬નું જાહેરનામા ક્રમાંકઃ૦૫/૨૦૨૬

**માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

**૫. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૧૮ તથા જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૬નાં વિધેયક ક્રમાંક-૨, ૮, ૯, ૧૬ અને ૧૯ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

**૬. સરકારી વિધેયકો**

(૧) માનનીય પશુપાલન મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૬નું ગુજરાત પશુધન આહાર, મરઘાં ચણ અને ખનિજ મિશ્રણ (ઉત્પાદન, સંગ્રહ, વિસ્તરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.( પ્રવચન અધૂરું)

**૭. સભાગૃહનો વિરામનો સમય લંબાવવા અંગે.**

મુખ્યદંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનું વિધેયક પરનું પ્રવચન પૂરું ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે તેને સમર્થન આપતાં, અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તદ્દનુસાર સભાગૃહનો વિરામનો સમય લંબાવ્યો. (બપોરના ૨.૨૬ કલાક)

**૮. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ પશુપાલન મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.

**(વિરામ બપોરના ૨.૩૫ થી ૩.૦૫)**

**વિરામ બાદ નીચે જણાવેલ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

| | |
|---|---|
| (૧) શ્રી શૈલેષ પરમાર | (૪) શ્રી કેશાજી ચૌહાણ |
| (૨) શ્રી ભગાભાઇ બારડ | (૫) ડૉ.કિરીટકુમાર પટેલ |
| (૩) શ્રી ઉમેશભાઇ મકવાણા | (૬) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા |

**૯. સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

નાયબ મુખ્યદંડકશ્રી વિજયભાઇ પટેલે આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે તેને સમર્થન આપતાં, અધ્યક્ષસ્થાનેથી માનનીય અધ્યક્ષશ્રીએ તદ્દનુસાર સભાગૃહનો સમય લંબાવ્યો. (બપોરના ૪.૪૮ કલાક)

**૧૦. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચે જણાવેલ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી મહેશભાઇ કસવાલા

ચર્ચાનો જવાબ માનનીય પશુપાલન મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ આપ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રી તથા માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ વિધેયક પરની ચર્ચામાં પોતાના મંતવ્યો વ્યક્ત કર્યાં.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ થી ૨૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૨૪ , કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં

આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૨૬નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**ત્યારબાદ નીચે જણાવેલ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) ડૉ.કિરીટકુમાર પટેલ
(૨) શ્રી અમુલ ભટ્ટ
(૩) શ્રી અનિરુદ્ધભાઇ દવે
(૪) શ્રી શૈલેષ પરમાર
(૫) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૬) શ્રી ઉમેશભાઇ મકવાણા

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪ , કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૬નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**ત્યારબાદ નીચે જણાવેલ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી જયંતિભાઇ પટેલ
(૩) શ્રી બાબુભાઇ પટેલ
(૪) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૫) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૬) શ્રી ધવલસિંહ ઝાલા

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩ , કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૨૬નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**૧૧. માનનીય ઉપાધ્યક્ષશ્રીની સૂચના**

**અધિકારીદીર્ઘામાં ઉચ્ચ અધિકારીશ્રીઓએ હાજર રહેવા અંગે.**

વિધેયક ઉપરની ચર્ચા દરમ્યાન સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ અધિકારીદીર્ઘામાં હાજર ન હોવા અંગેનું સભ્યશ્રી શૈલેષ પરમારે માનનીય ઉપાધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતાં, વિભાગના જે જવાબદાર અધિકારીઓ અધિકારીદીર્ઘામાં હાજર નથી તેમની સામે નિયમાનુસારની કાર્યવાહી કરવાનું જણાવી તેમને તાકીદે સભાગૃહમાં હાજર રહેવા અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૧૨. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

**ત્યારબાદ નીચે જણાવેલ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી અમિત ઠાકર
(૨) ડૉ.કિરીટકુમાર પટેલ
(૩) ડૉ.દર્શિતા શાહ
(૪) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૫) ડૉ.હર્ષદભાઇ પટેલ
(૬) શ્રી ધવલસિંહ ઝાલા

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર તા. ૧૧મી સપ્ટેમ્બર , ૨૦૨૬ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૯.૧૮ વાગ્યે મુલતવી રહ્યું.**

| | |
|---|---|
| ગુજરાત વિધાનસભા સચિવાલય, | ચેતન પંડ્યા |
| ગાંધીનગર. | સચિવ, |
| તા.૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ | ગુજરાત વિધાનસભા. |

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**નવમું સત્ર**
**શુક્રવાર, તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૧થી ૧૯૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**
**''રાજ્યમાં અપૂરતા વરસાદને લીધે ઊભી થયેલી દુષ્કાળની પરિસ્થિતિ અંગે''**

સભ્ય ડૉ.તુષાર ચૌધરીએ નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં ચાલુ વર્ષે રાજ્યમાં અપૂરતા વરસાદના કારણે કેટલાક જિલ્લાઓમાં નહિવત વરસાદ થતાં દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થઇ છે અને આવનાર દિવસોમાં તે પરિસ્થિતિ ગંભીર બનવાની શકયતાને લીધે આવા જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અને જરૂરી કાર્યવાહી કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાંઓ'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)નું ધ્યાન દોર્યું.

મહેસૂલ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો જલ જીવન મિશન પર માર્ચ–૨૦૨૪ના પૂરા થતા સમયગાળા માટેનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

(૩) ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૪) ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(૫) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**કૃષિ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૬) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(૭) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૨૫–૨૬ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૬–૨૭ના અંદાજો

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(૮) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૫–૨૬નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(૯) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**પશુપાલન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૧૦) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૫નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રવિણભાઇ માળી**

**૪. સભ્યશ્રીએ ઉઠાવેલ વાંધો/મુદ્દો**

સભ્યશ્રી શૈલેષ પરમારે ગૃહની આજના દિવસની કામકાજની યાદી મુજબ મેજ ઉપર મૂકવાના કાગળોમાં દર્શાવેલ તકેદારી આયોગનો સન ૨૦૨૫નો વાર્ષિક અહેવાલ ગૃહ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયાએ રજૂ કરવાના બદલે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીએ રજૂ કરેલ હોવાનો મુદ્દો ઉપસ્થિત કરી તે બાબતે સ્પષ્ટતા કરવાનું જણાવતાં, આ બાબતે માનનીય મંત્રીશ્રી પોતે સ્પષ્ટતા કરશે તેવું અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૫ સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)**

(૧૧) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ તથા સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની નાણા વિભાગની કુલ–૬૨ અધિસૂચનાઓ તેમજ આ અધિસૂચનાઓ પૈકી તા.૨૩/૦૬/૨૦૨૬ સિવાયની તમામ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૧૨) સન ૨૦૨૫ના વિકસિત ભારત– રોજગાર અને આજીવિકા બાંયધરી મિશન ( ગ્રામીણ ) અધિનિયમ અન્વયેનું તા.૩૦/૦૬/૨૦૨૬નું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનું જાહેરનામા ક્રમાંક: જીપી/૨૦૨૬નો ૧૭/ પીઆરએચઆરડીડી/એમજીએન/ઈ–ફાઈલ/૧૪/૨૦૨૬/૨૫૦૫/સેકશન–ખ૨

**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૧૩) સન ૧૯૬૦ના ગુજરાત મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતના અધિનિયમ અન્વયેની તા.૩૦/૦૪/૨૦૨૬ની સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસ/૨૦૨૬–૧૧/જીએડી/એમપીએ/ઈ–ફાઈલ/૧/૨૦૨૬/૨૬૨૬/ કેબિનેટ

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૧૪) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયેના નાણા વિભાગના,

(૧) રાજય સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.

(૨) ગુજરાત રાજય દ્વારા બાંહેધરી આપવાના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(૩) બાંહેધરી આપનારની રૂએ રાજય સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન જે તે સંસ્થાઓ / વ્યકિતઓએ ભરપાઇ કરેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

**૬. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**(૧) જાહેર સાહસો માટેની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી રમણલાલ વોરાએ સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો.

**(૨) પંચાયતી રાજ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી ઉદય કાનગડે સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

**(૩) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી વિનોદભાઇ મોરડીયાએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

**(૪) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી માલતી મહેશ્વરીએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૭. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી વિનોદભાઇ મોરડીયાનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી વિનોદભાઇ મોરડીયાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૮. સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ.જયરામભાઇ ગામીતે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૨૬નું ગુજરાત ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.(પ્રવચન અધૂરું)

**૯. સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે.**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનું વિધેયક પરનું પ્રવચન પૂરું ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં કૉંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે તેને સમર્થન આપતાં, અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તદ્‌નુસાર સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવ્યો. (સવારના ૧૧.૫૩ કલાક)

**૧૦. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ.જયરામભાઇ ગામીતે પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.

**(વિરામ બપોરના ૧૨.૧૫ થી ૧૨.૪૫)**

વિરામ બાદ નીચે જણાવેલ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી કેયુર રોકડીયા
(૩) શ્રી ધવલસિંહ ઝાલા

**૧૧. માનનીય સભાપતિશ્રીની જાહેરાત**

સભ્યશ્રી શૈલેષ પરમારે તકેદારી આયોગનો સન ૨૦૨૫નો અહેવાલ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયાએ રજૂ કરવાના બદલે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીએ રજૂ કરેલ તે અંગે ઉપસ્થિત કરેલ મુદ્દા બાબતે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયાએ કરેલ લેખિત સ્પષ્ટતાની સભાગૃહમાં જાહેરાત કરતાં જણાવ્યું કે, આકસ્મિક સંજોગો ઊભા થતાં માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરી લઇને દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ બાબત ક્રમાંક-૩(૧૦) ઉપરની બાબતે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીને અધિકૃત કરી ગૃહની બહાર હતા. જેની લેખિત સ્પષ્ટતાની જાહેરાત અધ્યક્ષસ્થાનેથી માનનીય સભાપતિશ્રીએ કરી.

**૧૨. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચે જણાવેલા વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી મનુભાઇ પટેલ
(૫) ડૉ.હસમુખભાઇ પટેલ(પ્રવચન અધૂરું)

**૧૩. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં કૉંગ્રેસ પક્ષના દંડક ડૉ.કિરીટકુમાર પટેલે તેને સમર્થન આપતાં, અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તદ્‌નુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. (બપોરના ૨.૨૬ કલાક)

**૧૪. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્ય ડૉ.હસમુખભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચે જણાવેલા સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) ડૉ.કિરીટકુમાર પટેલ (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ.જયરામભાઇ ગામીતે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો બહુમતીથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર

મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક બહુમતીથી પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૬નું ગુજરાત ભાડા વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચે જણાવેલા સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧)ડૉ.કિરીટકુમાર પટેલ (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) શ્રી અરવિંદભાઇ રાણા
(૩) શ્રી અનિકેતભાઇ ઠાકર
(૪) શ્રી શૈલેષ પરમાર
(૫) શ્રી કૌશિકભાઇ જૈન
(૬) શ્રી ધવલસિંહ ઝાલા
(૭) શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

ચર્ચાનો જવાબ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

**ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**કલમવાર વાચન**

કલમ–૨થી ૪૬, અનુસૂચિઓ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૪૬, અનુસૂચિઓ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૫ પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે માન.અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**''તા.૯–૯–૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય ગીતના ગાન દરમિયાન થયેલ અપમાન સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય''**

તા.૯–૯–૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્' ના ગાન દરમિયાન રાષ્ટ્રીય ગીતના બે અંતરા પૂર્ણ થયા બાદ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ પક્ષના સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ જાણી જોઇને પોતાની બેઠક પર બેસી જઇને રાષ્ટ્રીય ગીતનું અપમાન કરેલ હોવા અંગે તા. ૧૦/૦૯/૨૦૨૬ના રોજ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સભાગૃહમાં પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી સદરહુ બાબતને વિશેષાધિકાર સમિતિને સોંપવા માટે માનનીય અધ્યક્ષશ્રી પાસે માર્ગદર્શન માગ્યું હતું. તત્સમયે માન.અધ્યક્ષશ્રીએ નિર્ણય મુલતવી રાખેલ હતો.

ધારાસભ્ય તરીકે બંધારણીય રીતે પદના સોગંદ લીધેલી વ્યક્તિ પાસેથી ભારતના બંધારણ અન્વયે બનેલા ગૃહના નિયમો અને રાષ્ટ્રીય પ્રતિકો અંગે લાગુ પડતા નિયમો અને વર્તણૂકના ધોરણોનું પાલન કરવાની જવાબદારી સવિશેષ હોવાથી ગુજરાત વિધાનસભામાં બનેલી બાબતને ખૂબ જ ગંભીર ગણાવી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સંસદીય શિષ્ટાચાર અને ગૃહમાં વર્તણૂકના પ્રસ્થાપિત ધોરણોનો સભાગૃહની નજર સમક્ષ જ સરેઆમ ભંગ કરી ગૃહનું અવમાન તેમજ ગૃહની ગરિમાને નુકસાન પહોંચાડેલ હોવાનું તેમજ સભ્યશ્રીએ પોતાનો ખુલાસો ગૃહ સમક્ષ કરવાને બદલે મીડિયા સમક્ષ કરેલ હોવાનું તેમજ અધ્યક્ષસ્થાનેથી સર્વે સભ્યશ્રીઓને પોતાના સ્થાન ઉપર ઊભા રહેવાની અધ્યક્ષશ્રીની સૂચનાનો પણ અનાદર કરીને ગૃહની ગરિમાને હાનિ પહોંચાડેલ હોવાનું જણાવી આ બાબત વધુ તપાસ અર્થે અને તેનો અહેવાલ કરવા ગુજરાત વિધાનસભાની વિશેષાધિકાર સમિતિને તપાસ સોંપવા અંગેનો માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય કર્યો.

**૧૬. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૩) મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૨૬નું ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચે જણાવેલા સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.કિરીટકુમાર પટેલ (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) ડૉ.સી.જે.ચાવડા
(૩) શ્રી શૈલેષ પરમાર

ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૭. છેલ્લા દિવસનો પ્રસ્તાવ**

**''જનજાતીય કલ્યાણ યોજના શરૂ કરવા અંગે''**

સભ્યશ્રી મોહનભાઇ ઢોડિયાએ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ વનબંધુ કલ્યાણ યોજનાના કાર્યક્રમને આગળ ધપાવતાં રાજ્ય સરકાર દ્વારા આગામી પાંચ વર્ષ માટે રૂપિયા બે લાખ કરોડની જોગવાઇ અંતર્ગત વિવિધ ૧૫ મુદ્દાઓનો સમાવેશ કરી ''જનજાતીય કલ્યાણ યોજના'' શરૂ કરવાનું નક્કી કરેલ છે. આ યોજના થકી આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૫૮૮૪ ગામોમાં રહેતા ૧ કરોડ આદિજાતિ લોકોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક લાભો સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર કાર્યરત રહે તે અંગેનો પ્રસ્તાવ સભાગૃહમાં ચર્ચા વિચારણા કરવા માટે રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચે જણાવેલા માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.તુષાર ચૌધરી (કોંગ્રેસ પક્ષના નેતા) (૩) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૨) શ્રીમતી નિમિષાબેન સુથાર (૪) શ્રી નરેશભાઇ પટેલ (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી)

મંત્રીશ્રીનું વક્તવ્ય પૂર્ણ થતાં ત્યારબાદ છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

**૧૮. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ–૮૭–ક)**

સચિવશ્રી ગુજરાત વિધાનસભાએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે કુલ–૮૮ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૧૯. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે.**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૬.૨૧ વાગ્યે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી.

ત્યારબાદ રાષ્ટ્રીય ગીત ''વંદે માતરમ'' તથા રાષ્ટ્રગાન ''જનગણમન'' ની ધૂન વગાડવામાં આવી.

ગુજરાત વિધાનસભા સચિવાલય, ચેતન પંડ્યા
ગાંધીનગર. સચિવ
તા.૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ગુજરાત વિધાનસભા.